

## મારી શેરીએથી કાન કુંવર આવતા રે રોલ, મુખેથી મોરલી બજાવતા રે રોલ...

નવરાત્રી રૂમઝુમ કરતી અંતિમ ચરણોમાં પહોંચી છે. નવરાત્રીના નવ નોરતામાંથી સાત નોરતા તો પુરા થયા છે જેમ જેમ દિવસો વીતી રહ્યા છે તેમ નવરાત્રી જાણે કે તેની ચરમસીમાએ પહોંચી છે. ગરબા ગ્રાઉન્ડમાં ખલૈયાઓ અને ખલૈયા ગ્રૂપમાં ભાતીગળ ડ્રેસિસમાં ગરબાની અનોખી સ્ટાઈલમાં ઝુમતા દેખાય છે. સતત ખલૈયાઓ અને યુવતીઓ સતત સંગીતના તાલે થીરકતા જોવા મળે છે. મોડાસાના નવરાત્રી મેદાનોમાં ભારે મેદની અને માઈભક્તો નજરે ચડે છે.

# વર્ષમાં માત્ર બે વાર જ ખુલે છે શ્રીનાગણેજી માતાનું મંદિર

### કોમી એકતા અને સર્વધર્મ સમભાવના પ્રતિક સમા શ્રી નાગણેજી માતાના દર્શન કરી ધન્યતા અનુભવતા ભાવિક ભક્તો

પાલનપુરના નવાબે બંધાવેલું સર્વ ધર્મ સમભાવના પ્રતિક સમુ ચમત્કારિક શ્રી નાગણેજી માતાનું મંદિર આજે હવનાષ્ટમી નિમિત્તે શ્રદ્ધાળુઓ માટે ખુલ્લું મુકાયું હતું. વર્ષમાં માત્ર બે વાર જ ખુલતા શ્રી નાગણેજી માતાના મંદિરે હવનાષ્ટમી



નિમિત્તે ૨૧ શ્રીફળનો હવન થાય છે.

નવરાત્રી આઠમ એટલે કે, હવનાષ્ટમી નિમિત્ત પાલનપુરની રાજગઢી ખાતે આવેલા કોમી એકતાના પ્રતિક સમા શ્રી નાગણેજી માતાના મંદિરને દર્શનાર્થીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેનો ભાવિક ભક્તોએ લાભ લઈ શ્રી નાગણેજી માતાની પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. પાલનપુર નવાબની રાજપૂત રાણીના દાયજામાંથી શ્રી નાગણેજી માતા આવ્યા હતા. જો કે પાલનપુર નવાબે આજથી ૩૦૦ વર્ષ પૂર્વે બંધાવેલું શ્રી નાગણેજી માતાનું મંદિર, નાગ પાંચમ અને નવરાત્રી આઠમ સહિત વર્ષમાં માત્ર બે જ વખત જ ખુલે છે.

નવરાત્રી આઠમે શ્રી નાગણેજી માતાના મંદિરે લોક કલ્યાણ અર્થે એકવીસ શ્રીફળનો હવન થાય છે. જેની મધ્યરાત્રીએ પૂર્ણાહૂતિ થાય છે. આમ, પાલનપુરના રાજગઢી વિસ્તારમાં આવેલું નવાબી કાળનું શ્રીનાગણેજી માતાનું મંદિર કોમી એકતાની મિશાલ પુરી પાડી રહ્યું છે.

## મોડાસાની હિંગળાજ ક્રેડીટ કો.ઓપ. ગ્રાહક ધિરાણ મંડળીના ચેરમેનપદે જગદીશ ભાવસારની વરણી

મોડાસા નગરની વિકાશસીલ અને પ્રગતિના પંથે ગૌરવભેર આગળ વધેલ ધી હીંગળાજ ક્રેડીટ કો.ઓપ. ગ્રાહક ધિરાણ મંડળીની પ્રથમ બોર્ડ ઓફ ડીરેક્ટરની મીટીંગમાં આગામી સમયગાળા માટે ચેરમેનપદે ઉત્સાહી જગદીશ ત્રિભોવનદાસ ભાવસાર (શહેર પ્રમુખ ભાજપ, મોડાસા)ની જ્યારે વાઈસ ચેરમેનપદે ભાવિન સી. ભાવસાર તથા મેનેજીંગ ડીરેક્ટર પદે પ્રકાશ આઈ. ભાવસારની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.



## ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરમાં આઠમનો હવન યોજાયો

ખેડબ્રહ્મા અંબિકા માતાજીમાં નવરાત્રીની આઠમના રોજ મંદિર ટ્રસ્ટના પ્રમુખ જયદીપસિંહે હવનમાં પૂજા કરી હતી. સાંજના ૪.૩૦ કલાકે શ્રીફળ હોમવામા આવ્યું હતું. આઠમને દિવસે સવારથી મોટી સંખ્યામાં માઇ ભક્તો એ મંદિરની ૧૦૮ પ્રદક્ષિણા કરી હસ્તી અને શ્રીફળ હોમમાં મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રવિણસિંહ સોલંકી, પરસોત્તમભાઈ પટેલ, મેનેજર ઘનશ્યામસિંહ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ કોલેજ ખાતે ગરબા યોજાયા

### કોલેજના વિદ્યાર્થીઓ સાથે અધ્યાપકોએ પણ ગરબાની રમઝટ બોલાવી : કોલેજની વિદ્યાર્થીની કિંજલ દવે અને સાગર નાયક દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવી

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગરબાનું



આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની વિદ્યાર્થીની અને ચાર-ચાર બંગડીના ગીતથી પ્રખ્યાત થયેલ કિંજલ દવે અને સાગર નાયકે ગરબાની રમઝટ બોલાવી હતી.

માં આદ્યશકિતના પર્વની ઉજવણી જિલ્લા સહિત ઠેર ઠેર થઈ રહી છે ત્યારે પ્રાંતિજ કોલેજ ખાતે પણ ગરબાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ કોલેજમાં એફવાયબીએમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી અને ચાર ચાર બંગડી વાળા ગીતથી પ્રખ્યાત થયેલ કિંજલ દવે તથા સાથી કલાકાર સાગર નાયક દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. જયારે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અધ્યાપકો સાથે ગરબાની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે કોલેજમાં પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી દ્વારા મતદાન જાગૃતિને લઈને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મતદાન કરવા મતદાન જાગૃતિ અંગેની માહિતી આપી હતી તેમજ પ્રિન્સીપાલ ડાૅ. કામેશ્વર પ્રસાદ તથા કિંજલ દવે દ્વારા ઉપસ્થિત વિધાર્થોઓ પ્રેક્ષકોને મતદાન કરવા સાથે સંકલ્પ લેવડાવ્યો હતો. આ પ્રસંગે પ્રાંતિજ મામલતદાર, પ્રો. રાજુભાઈ પંચાલ, પ્રો. ડાૅ. કાન્તીભાઇ પ્રજાપતિ, રાજુભાઈ ઓઝા, કાદરભાઈ, પ્રો. ડાૅ. સતિષભાઈ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ સહિત કોલેજ સ્ટાફ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# મોડાસામાં પાટીદારોએ સરકારની જાહેરાતને 'લોલીપોપ' ગણાવી

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે બુધવારે સરકાર સામે પાટીદારોનો વિરોધ નોંધાવ્યો હતો. મંગળવારે સરકારે પાટીદાર સમાજને સામે કાર્યવાહી કરવી, શહીદ યુવકના પરિજનોને વળતર અને નોકરી સહિતની મુખ્ય માગણી, અનામતની જે મંત્રણા બાદ ત્રણ માંગને પાટીદારોએ આવકારી હતી પરંતુ છેલ્લા બે વર્ષથી જણાવી સરકાર અને ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ ઋત્વિજ પટેલ અને નલિન કોટડીયા વિરુદ્ધ હાય હાયના નારા લગાવી સુત્રોચાર કરી લોકોને લોલીપોપ આપી વિરોધ





અનામત અપાવવા કટિબદ્ધ બનેલી પાસ સમિતિ એસપીજી અને સમાજ સંગઠનના આગેવાનો સાથે મીટીંગ યોજી હતી.

જેમાં પાટીદારોએ સરકાર પાસે ચાર માગણી પોલીસ દમન પાટીદારોની મુખ્ય માગણી અનામતની સામે સરકારે લોલીપોપ આપ્યાનો આક્ષેપ કરી વિરોધ નોધાવ્યો હતો. અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેને જેમ લોલીપોપ આપી હતી એવી જ લોલીપોપ સરકારે આપી હોવાનું નોંધાવ્યો હતો. અને આગામી ૭.૧૦ તારીખે મોડાસામાં સંકલ્પ યાત્રા માટે જઈ રહ્યા છે ત્યારે બીજું જીએમડીસી ગ્રાઉન્ડ ઉભું કરવામાં આવશે અને સરકારની ઔકાત બતાવવાની ચીમકી ઉચ્ચારી હતી.

# ધનસુરા ખાતે જિલ્લાકક્ષાનો ગણિત વિજ્ઞાન પર્યાવરણ મેળો યોજાયો

અરવલ્લીમાં જિલ્લા કક્ષાનો તૃતિય ગણિત વિજ્ઞાન પર્યાવરણ મેળો અરવલ્લીના ધનસુરા ખાતે યોજાયો



હતો. જેમાં અરવલ્લી જિલ્લાની શાળાઓએ ભાગ લીધો હતો.

જિલ્લા કલેકટર શાલીની અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી સ્તૃતિ ચારણ, ડાૅ. એ. કે. પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી એ. પી. ઝાલા, બાયડના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ એસ. પટેલ, ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ એસ. પટેલ, ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ યશવંતભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ સચિનભાઈ પટેલ સહીતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ધનસુરા હાઈસ્કૂલના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈએ સૌ મહાનુભાવોને આવકાર્યા હતા.





વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાન પર્યાવરણને લગતી વિવિધ કૃતિઓ રજુ કરી હતી.

પરિવહન, ગાણિતિક નમુના નિર્માણ, ડીઝીટલ તકનીક, સ્વાસ્થ અને સુખાકારીની કૃતિઓ, સોલાર સિસ્ટમને લગતી કૃતિઓ, સેન્સર સીસ્ટમ આગ ઓલવવા માટે વિવિધ કૃતિઓ રજુ કરી હતી. આ વિજ્ઞાન-ગણિત પર્યાવરણ પ્રદર્શનમાં જીલ્લાની શાળાઓએ ભાગ લીધો હતો અને શિક્ષકોએ પણ સારા માર્ગદર્શન હેઠળ વિવિધ કૃતિઓ તૈયાર કરાવી હતી.

અરવલ્લી જિલ્લાના તૃતિય વિજ્ઞાન મેળાની શરૂઆત શાબ્દિક સ્વાગત, સ્વાગત ગીત, પુષ્પ ગુચ્છથી સ્વાગત કરી દીપ પ્રાગટ્ય કર્યા બાદ પ્રાસંગિક પ્રવચન દ્વારા કરાઈ હતી. અરવલ્લી જિલ્લાનો આ તૃતિય વિજ્ઞાન મેળો ૩ દિવસ સુધી ચાલશે.

આ વિજ્ઞાનમેળામા ૫૦ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે અને ૫૦ જેટલી કૃતિઓ રજૂ કરી છે.

# આજે પ્રાંતિજના બ્રહ્માણી માતાના ચોકમાં પલ્લીમેળો ભરાશે

### પાંડવોના સમયથી ચાલી આવતી પ્રથાથી આજે પણ પલ્લીનો મેળો ભરાય છે : તે સમયમા માતાજીની પલ્લી સોનાની બનાવવામાં આવી હતી ત્યારે હાલના સમયમાં પરવડે નહી તે માટે ખીજરાના લાકડામાથી બનાવવામાં આવે છે

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વર્ષોથી રાત્રીના સમયે પલ્લીનો મેળો ભરાય છે. જેમાં આજે પ્રાંતિજના બ્રહ્માણી માતાના મંદિરે પલ્લી મેળો ભરાશે. જેમાં હજારોની સંખ્યામાં માઈભકતો ઉમટી પડશે અને પલ્લીના દર્શન કરી ધન્યતા અનુભવશે. અને જય અંબે...ના ઘોષથી સમ્રગ પ્રાંતિજ ગુંજીશે.

બ્રહ્માણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર એવી વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિર તરફથી કોઈ પણ જાતની માઈ-ભકતોને કષ્ટ ના પડે તેની ઝીણવટભરી દેખરેખ રાખવામાં આવી છે. ભકતો દ્વારા પલ્લીમાં માંગેલ બાધા પૂર્ણ કરવા માટે ઘી ચડાવવા માટે મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવેલ છે.

જયારે આદ્યશકિત પાર્વતીના નવ અવતારોમાં દ્રિતીયમ બ્રહ્મચારીણીમ્ એ બ્રહ્માની શકિતથી ઉત્પન્ન થયેલ બ્રહ્મચારીણી એજ બ્રહ્માણી રૂપે સર્વત્ર પૂજાવા લાગ્યાં અને અસુરોના સંહાર વખતે બ્રહ્માણીએ પોતાના કમંડળમાં રહેલ જળનો છંટકાવ કરીને અસુરોને શક્તિહીન બનાવી દીધા હતા.



જયારે નર્મદા નદીના ચાણોદથી લઈને સાબરમતીના ઉત્તર ભાગને નૈમેષારણ્ય તરીકે ઓળખવામાં આવતું હતું. જેથી પાંડવોએ અજ્ઞાતવાસ દરમ્યાન શસ્ત્રો આ ઘાઢ જંગલોમાં ખીજડાના ઝાડ ઉપર સંતાડયાં હતાં. અજ્ઞાતવાસ પછી જયારે તેઓ પાછા ફર્યા ત્યારે તેમના શસ્ત્રો સલામત પાછા મળ્યા તે સ્થાન રૂપાવટી નગરી એટલે કે હાલનું રૂપાલ ગામ અને માતાજીએ તેમને વિજયી થયાનું વરદાન આપ્યું તેથી રૂપાલનાં વરદાયિની કહેવામાં બીજો શાસ્ત્રો સાબરમતીના જંગલમાથી પ્રાપ્ત થયા તે સ્થાનને પાંડવોએ પ્રાપ્તિપુરી નગરી વસાવી તેનું અપભ્રંશ થતાં પ્રાંતિજ નગર બન્યું.

શસ્ત્રો પ્રાપ્ત થતાં પાંડવોએ યજ્ઞ કર્યો. માતાજીની સોનાની પલ્લી બનાવી તેના ઉપર ચોખ્ખા ઘીનો અભિષેક કર્યો ત્યાર બાદ દર આસો સુદ-૯ (નુમ)ના દિવસે પલ્લી કાઢવામાં આવે છે જયારે આજના યુગમાં સોનાની પલ્લી બનાવી શકાય તેમ ના હોવાથી તેના પ્રતિક તરીકે ખીજડાના લાકડામાંથી પલ્લી બનાવવામાં આવે છે.

પ્રાંતિજ નાની ભાગોળ પટેલવાસમાં સૌ પહેલાં રાજપૂતો અને નાગર બ્રાહ્મણો રહેતા હતા. માતાજી રાજપૂતના ઘરે કુંવારીકા રૂપે જન્મ્યાં હતાં. તેમના પિતાએ ઓજલના રીવાજને લઈ નવરાત્રીમાં ગરબે રમવા ના જવા દેતા તેવોને માઠું લાગી આવતા હાઈવે ઉપર આવેલ માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર રામદ્રારા નજીક વાવમાં પડતું મુક્યુ હતુ. ત્યારબાદ રાજપૂતોએ વાવમાં તપાસ કરતાં ફકત થોડા ફુલો જ હાથ લાગ્યા હતાં. જયારે હાલ પલ્લી પટેલવાસમાં આવેલો છે ત્યાં પહેલા રાજપૂતોની વસ્તી હતી એટલે માઢ પાસે આજે પણ રાજપૂતોની સ્ત્રીઓને દર્શન કરાવવાનો રીવાજ આજેય છે જોકે આજે એક પણ રજપૂત સમાજનું ઘર કે કુટુંબ આવેલ નથી પણ વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ જળવાઈ રહી છે. અને માઢ સુધી પલ્લી યાત્રા લઈ જવામાં આવેછે અને પછી મંદિરથી એક કિલોમીટર દુર રાવળ વિસ્તારની બાજુમાં આવેલ એક ખેતરમાં ઠંડી પાડવામાં આવે છે.